હજારો વર્ષ પૂર્વે હસ્તિનાપુરના દ્વારે
ઊભી હતી એક વિધવા સ્ત્રી
તેના પાંચ દેવપુત્રોને લઈને –
ધર્મપુત્ર યુધિષ્ઠિર, વાયુપુત્ર ભીમ, અને ઇંદ્રપુત્ર અર્જુન,
તથા જોડિયાપુત્રો નકુલ અને સહદેવ -
સોહામણા અશ્વિનીકુમારો થકી જન્મ્યા જે,
કૂખે માદ્રીની, જે પણ હવે તો મૃત.
હિમ્મતવાન કુન્તીની પડખે ઊભા છે
આ સહુ તેજસ્વી રાજકુમારો –
પિતા તેમના, રાજા પાંડુના રાજ્યને
ધૃતરાષ્ટ્ર તથા તેના સો પુત્રો સાથે
ભોગવવા સમાન અધિકારે!

જ્યેષ્ઠ દુર્યોધન, અનિષ્ટનો અવતાર,
તેના પિતરાઈઓનું કાઢવા કાસળ
રચે છે પેંતરા અનેક.
'મહેલ બાંધો લાખનો' કહ્યું તેણે પુરોચનને,
'તેમને મારી ભેટ' હસ્યો તે,



'પછી બાળી મુકો મશાલોથી એ બધાંને.'
કિંતુ ચતુર વિદુરે ચેતવ્યો યુધિષ્ઠિરને ગૂઢ વચનથી.
ખોદી બાંધવોએ ઊંડી સુરંગ અરણ્ય લગીની
અને ભભૂકી આગ જે રાતે મહેલમાં,
થયાં પલાયન ત્યહીંથી વિદ્વાન બ્રાહ્મણવેશે.

હતા પાંડવો કુલીન, શૂરવીર અને સાચા.
બાંધ્યા માતા કુન્તીએ એમને સ્નેહગાંઠે.
દીધું પ્રમાણ શૂરવીરતાનું તેમની
લડીને રક્ષા કાજે નિર્ધન અને નિર્બળની:
જેમ કે, કર્યો વધ ભીમે અકરાંતિયા વકનો.
કુમારો આ, પાંચે ઉત્તમ પુરુષો, હતા હજી બ્રહ્મવેશમાં
ત્યારે એક સપરમે દિન સાંભળ્યું તેમણે કે
સ્ત્રીઓમાં સુંદરતમ્, શક્તિસ્વરુપ,
નિર્માયેલી જે પૃથ્વીને કરવા પ્રભાવિત,
પવિત્ર અગ્નિકુંડથકી પ્રગટ, અગ્નિશિખા સમાન
રાજકુંવરી દ્રૌપદી
સ્વયંવર સભામાં એકત્ર ઉચ્ચ રાજવંશીઓમાંથી

કરશે પસંદ એવો નર, જે થશે તેનો વર,
પાર ઊતરીને કસોટીમાંથી ધનુર્વિદ્યાની.
પધાર્યા એક પ્રભાતે આંગણે પ્રબુદ્ધ વ્યાસ,
'જાઓ તેના સ્વયંવરમાં, પણ ગુપ્તવેશે' કહ્યું તેમણે,
'કિંતુ રહે ધ્યાન,
ન કોઈ જાણી કે પ્રમાણી શકે તમારું સામર્થ્ય,
જ્યાં સુધી ન બનો વિજેતા સૌંદર્યવાન દ્રૌપદીના.'

હતું વાતાવરણ પ્રકાશમય અને પ્રફુલ્લિત,
મહાન રાજકુમારો ઊભા શ્રેણીબદ્ધ, રાજવી ઠાઠથી
સુવર્ણે ઝળહળિત રત્નજડિત પોશાકોમાં સજ્જ;
જ્યારે ભિક્ષાપ્રાર્થી બ્રાહ્મણવેશે વીરપુરુષ પાંચ બેઠા હતા
ભોંય પરે.
મુકાયું શક્તિશાળી ધનુષ્ય સભામધ્યે.
બાંધેલ એક ફરતું ચક્ર ઊંચે હવામાં,
જે ઝૂલતું હતું મંદ સમીરે.
'આવો વીરપુરુષો, ખેંચીને પ્રત્યંચા, કરો વેધ ઘુમતી મત્સ્યનો'
કહ્યું દ્રુપદે સહુ રાજકુમારોને.



આવ્યા તેઓ જુસ્સાભેર, આતુર પ્રતિસ્પર્ધા અર્થે,
કિંતુ લથડ્યા, હાર્યા, રજોટાયા ધૂળમાં.
કેટલું બળવાન એ શક્તિશાળી ધનુષ્ય, કેટલું દુષ્કર!
ગુમાની શિશુપાલે ખેંચ્યું સમગ્ર બળથી,
ચિરાયા સ્નાયુઓ ત્યાં લગી,
પણ સ્મિત ન દેખાયું કોઈ મુખ પર.
ઊઠ્યો માત્ર લગીર ગણગણાટ!
'કોઈ સગાં, કોઈ રાજકુંવર, કોઈ ઉમરાવ રહ્યા ન શેષ?'
બોલી ઊઠ્યા દ્રુપદ પણ પ્રશ્ન રહ્યો અનુત્તર!
છવાઈ શાંતિ ભારેખમ ઘેરાયેલા આભમાં;
પ્રત્યેક નિરાશ હૈયે ઊઠ્યો ખળભળાટ.

ત્યાં તો ઊઠ્યો કર્ણ – સૂર્ય દ્વારા પ્રાપ્ત કુન્તીને અને
જન્મતાં જ ત્યજી દીધેલ પુત્ર, હવે તો નવયુવાન-
આવ્યો સભામધ્યે મત્સ્યવેધ કરવાને કટિબદ્ધ,
કિંતુ નકારતાં તેને બોલી ઊઠી દ્રૌપદી ઉચ્ચ સ્વરે,
'નહીં સ્વીકાર્ય મુજને મારો સ્વામી એક સૂતપુત્ર.'
તેથી પટકી ધનુષ્ય ભોંય પર, કરી દષ્ટિપાત સૂર્ય સામે,

સમજી લીધું કર્ણે, નથી મુજ ભાગ્યમાં તે.
ત્યજીને ભાવ સ્વયંના ઉચ્ચ કુળનો
અતિ ક્રોધિત, વિષાદિત નીકળ્યો છોડી તે ભરી સભાને.
અને છવાઈ ચુપકીદી પછી તો સભામાં
ન ઊઠ્યો જ્યાં લગી એક બ્રાહ્મણ યુવાન,
પહોંચ્યો પ્રભાવશાળી ડગ ભરતો ફરતાં ચક્ર સમીપે,
ઉઠાવ્યું ધનુષ્ય હળવેથી, લીધો એક પળ શ્વાસ,
પરોવી તીર પાંચ, છોડ્યાં ચક્ર ભણી;
સહજ સ્મિત રમી રહ્યું મુખે તેને,
ગાજી ઊઠ્યો કોલાહલ હર્ષનો, ને ક્યંહી વળી ઉત્તાપનો!
આરોપી વરમાળા રાજકુમારીએ તે યુવાનને કંઠે.
આવ્યું કોઈ અતિ ત્વરાએ, આપ્યું એક વસ્ત્ર અર્જુનને
જે પહેરાવ્યું તેણે તેની વાગ્દત્તાને.
થયાં અદશ્ય બેઉ ભીડમાં, રહ્યા શેષ રાજવીઓ દિગ્મૂઢ.
દોરી ગયો અર્જુન લાવણ્યમયી એ કન્યાને અરણ્યમાંહે.
નિકટ પહોંચતા કુટિરની, બોલી ઉઠ્યો હર્ષાવેશમાં એ,
'પામ્યા અમે ભિક્ષામાં આજે, ફળ જે અતિ દુર્લભ!'
અને આવ્યો પ્રેમોદગાર કુન્તીનો ભીતરથી



'પામ્યા તમે જે, સહુ ભોગવો સાથે મળીને.'
કિંતુ નીરખી નમણી કન્યા, ખચકાયાં તે.
પછી આવકારી દ્રૌપદીને, કહ્યું,
'જેમ હું છું મા મારાં સંતાનો કેરી
તેમ હવે તું પત્ની તેમની;
જીવન હવે સહિયારાં આપણ સહુનાં.'
કરી વંદન કહ્યું દ્રૌપદીએ, 'સમજી હું.'

સંભળાયો ત્યાં ટકોરો અધખુલા દ્વારે,
આવી ઊભી દીપ્તિમાન એ પ્રતિભા
ઝળહળતી ગોધુલિવેળાના ચંદ્ર શી.
બોલ્યા એ મધુર સ્વરેઃ
'તમે છો પાંડવો, ઝૂલ્યા છો મુજ પ્રેમ પારણે
તમારા જન્મની ય પૂર્વે!
હું છું કૃષ્ણ યાદવકુળનો અને આ,
મુજ સમીપે મારા જ્યેષ્ઠબંધુ બલરામ.'
અર્જુન થયો આશંકિત, વિલસતું હાસ્ય કૃષ્ણમુખે.
મંદિરે દૂરના થયો ઘંટારવ

'છું હું તમારી સાથે મિત્રો, ડરો મા.'
ધૃતરાષ્ટ્રે હવે સુલેહની આશે,
રાજી કરવા પાંડવોને મોકલ્યા વિશ્વાસુ વિદુરને.
કહ્યું વિદુરે, 'આપી તમોને ભૂમિ દાનમાં મહારાજે
યમુના નદીને કાંઠે, વસાવો ત્યાં રાજનગરી તમારી
અને બની રહો સ્વછાયા તળે સર્વને આશ્રય અર્પતા
વિશાળ વટવૃક્ષસમા!'
વેરાન ધરા પર રણની, આમ સ્થપાયું નગર ઇંદ્રપ્રસ્થ,
સુવર્ણ-રજત શોભિત જે, વસે જ્યાં લોક શાંતિથી સંતુષ્ટિએ,
બિરાજે રાજસિંહાસને જ્યાં સત્યનિષ્ઠ યુધિષ્ઠિર.
વીત્યાં વરસો.
બનાવી રાણી અર્જુને સુભદ્રાને અને બંધાવ્યો ભવ્ય પ્રાસાદ,
કરી એવી રચના માયાવી એમાં કે
યથાર્થ ને મિથ્યા ભળી જાય એકમેક માંહે ઉત્કૃષ્ટપણે!
સર્વગુણસંપન્ન પાંડવો પામ્યા કીર્તિ,
કરીને સુશાસન દીર્ઘકાલપર્યંત.
કિંતુ અસાવધ ભાગ્યે કરીને આવી વેળા એવી કે
થયા શૂરવીરો વિવશ, વહોરીને રોષ એ લોકનો



જેમનામાં ભર્યો દુર્ભાવ ભારોભાર તેમના પ્રતિ.
કારણ હો સાવ નજીવું પણ વિનાશ અતિ ભયંકર.
આ છે વાસ્તવ સમસ્ત સૃષ્ટિનું
માનો તમે કે બધું જાણો તમે; પણ હાય, ન કશું જાણો તમે.

દુષ્ટ દુર્યોધન પડી ગયો પાછળ પિતરાઈઓની,
ધિક્કારતો તેમને, બળતો ઈર્ષ્યાએ, જોઈને પ્રેમ તેમનો;
ખોળતો, અજમાવતો રીતો બધી, કરવાને અપમાનિત
પ્રતિષ્ઠિત આ પાંડવોને, કરતા જે સુશાસન પ્રેમપૂર્વક.
નિર્બળ રાજા ધૃતરાષ્ટ્રે, કહ્યું માનીને દુર્યોધનનું
મોકલ્યા દૂત નિમંત્રવા પાંડવોને ઉત્સવે દ્યૂતખેલના.
રાજાના આજ્ઞાંકિત રાજકુંવર આમ સ્વજન સમેત
વધ્યા આગળ, ભાગ્યપ્રેર્યા.

હતો ક્ષત્રિયધર્મી યુધિષ્ઠિર, ન કરી શક્યો તેથી અસ્વીકાર
દુર્યોધને ગોઠવેલી દ્યુતક્રીડાનો.
આવકારતા ત્યહીં પૃથાપુત્રને બોલ્યો તે,
'મામા મારા શકુનિ (કપટી ખેલનો ખેલંદો) મૂકશે

દાવમાં સંપત્તિ સઘળી મારી જેનો સ્વામી હું.'
ઉચ્ચર્યો અર્જુન શબ્દ સાવધાનીનો,
કિંતુ શબ્દથકી હતું પ્રબળ નિર્માણ અફર નિયતિનું;
ઢસડી ગયું જે પાંડવોને મહાઅનર્થના વમળમાં.
યુધિષ્ઠિરે, જાણે વિભ્રાંત ચિત્તે, ગુમાવ્યું સર્વસ્વ

શ્રવણે પડ્યો માત્ર જયઘોષ શકુનિનો, 'જીત્યો હું!'
બાંધવોને હાર્યો તે અને પછી સ્વયંને;
સુણતાં હવે મહેણું શકુનિકેરું,
વિજય કાજે મરણિયો બની બોલ્યો તે,
'લગાવું છું હું દાવમાં તે સૌંદર્યમયી સ્ત્રી દ્રૌપદીને.'
છવાઈ નિઃસ્તબ્ધતા શ્વાસ થંભાવતી;
ત્યાં કરી ગર્જના દુર્યોધને,
'લાવો દ્રૌપદીને, હાર્યો છે તે.'
થઈ મેઘગર્જના તોડતી સ્તબ્ધતાને, વીજ ઝબૂકે
ગાજ્યા ગડગડાટો, ઝબકારે પ્રકાશતું આકાશ.
મથ્યા વિદુર પ્રતિરોધવા ઘેલછાકૃત્ય આ, પણ વ્યર્થ;
રોકી શક્યો શું માનવી ક્યારેય હસ્ત વિધાતાનો?







વરસાવ્યો તત્પશ્ચાત, સૃષ્ટિએ મહાઉલ્કાપાત પૃથ્વી પરે
જે ઘડીએ નિર્ભીક, વિશાળનયના કન્યા દ્રૌપદીએ-
પીડિત જે સ્વામીના મૂર્ખકૃત્યે-
કર્યો સવાલ, ‘કોને હાર્યો પ્રથમ તું, હે જુગારી,
તુજને કે મુજને!’
નરાધમ દુઃશાસને પકડી ખુલ્લા કેશ તેના,
આચરવા અત્યાચાર તેની કોમળ કાયા પરે
ખેંચી કાઢ્યું વસ્ત્ર તેનું.
રહી પ્રાર્થી મનોમન તે, સૃષ્ટિના સર્વશક્તિમાન કર્તાને,
જે ઉગારે એ સર્વને, હો તેની શક્તિથી જ્ઞાત જે.
થતો રહ્યો ઢગ વસ્ત્રોનો ઊંચો ને ઊંચો ધરા પરે ત્યાંઃ
થરથર્યો ભયે દુઃશાસન, રુંધાતે શ્વાસે પડ્યો ભોંય પર.
જોઈ છુટ્ટા કેશ થયેલા ભ્રષ્ટ દુષ્ટના સ્પર્શથી
આગઝરતી આંખો દ્રૌપદીની ફરી વળી સભામાં સર્વ પર,
‘કરું છું આજ પ્રતિજ્ઞા, છુટ્ટા કેશ આ મારા,
બાંધીશ હવે તો દુઃશાસનના રક્તથી.’
‘અને કરીશ હું તેના રક્તનું પાન.’
લીધા શપથ કોપિત ભીમે.

નીતિભ્રષ્ટ દુર્યોધને, અટ્ટહાસ્યે, કરી ઉઘાડી જાંઘ તેની
લોભાવવા દ્રૌપદીને.
ભભૂક્યો ઉગ્ર કોપ વૃકોદરનો, બળતો ક્રોધાગ્નિ થકી
પાડી ઉઠ્યો રાડ,
'તોડીશ દુર્યોધનની જાંઘ હું, ચઢીશું યુદ્ધે જ્યારે તેની સામે.'

ઓસર્યો છેવટે અમલ જે છવાયો વૃદ્ધ રાજા પરે
કચરીને પાસાં ફંફોસતા અંધ હાથો વડે;
બોલાવી યુવાન સ્ત્રીને, રહ્યો વિનવી નરમાશથી
'રાજા છું હું! કહે મને શી ઇચ્છા તારી?'
કરાવ્યાં દ્રૌપદીએ મુક્ત તેનાં પ્રિયજનોને, એક પછી એક.
ક્રોધાગ્નિવશ કર્યું શ્રાપિત તેણે સમસ્ત દુષ્ટ કુળને
'ભીમ કરશે પાન રક્તનું પાશવી દુઃશાસનના,
કરશે અર્જુન વધ, તારા સાથી કર્ણનો
સહદેવ થકી નાશ ને વધ નક્કી કપટી શકુનિતણો
થશે ધ્વંશ આ કુળનો, જેનો ફરી ન ઉદય કદાપિ.'
થતાં શાપિત વચનો પૂર્ણ દ્રૌપદીનાં,
રહ્યા સાંભળી વિદુર ઉદાસ હૈયે.

